ગુજરાત જાહેર સેવા આયોગ

અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની બીજી યાદી

વંચાણે લીધી: આયોગની તા.19.09.2016ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી

1. ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળની નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી ખાતામાં મદદનીશ નિયામક, વર્ગ-2 ની જગ્યાએ ભરતી કરવા માટે જા.ક્ર.46/2015-16ના સંદર્ભમાં આયોગ દ્વારા તા.12.06.2016 ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે આયોગે અરજી ચકાસણીની પાત્રતા માટે નક્કી કરેલ લાયકી ધોરણ (જે તે કેટેગરીમાં મેરીટ યાદી મુજબ ઉતરતા ક્રમમાં જરૂરી સંખ્યા અનુસારના છેલ્લા ઉમેદવારના ગુણ) મુજબ અરજી ચકાસણીને પાત્ર કેટેગરી વાઇઝ ઉમેદવારો ના કુલ: 21 બેઠક નંબરોની યાદી તા.19.09.2016ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

2. આ 21 ઉમેદવારોના બેઠક નંબરોની પાત્રતા ચકાસણી બાદ આયોગના તા.14.10.1986ના કચેરી હુકમથી નક્કી થયેલ માપદંડ પ્રમાણે નોર્મ્સ મુજબ રૂબરૂ મુલાકાત માટે પાત્ર પુરતા ઉમેદવારો ન મળતાં લાયકી ધોરણ (જે તે કેટેગરી માં ખુટતી સંખ્યા માટે મેરીટ યાદી મુજબ ઉતરતા ક્રમમાં જરૂરી સંખ્યા અનુસારના છેલ્લા ઉમેદવારના ગુણ) નીચું લઇ જઇ વધુ કુલ: 57 બેઠક નંબરોની બીજી યાદી અરજી ચકાસણી માટે નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

(1) બિન અનામત (કોમન+મહિલા):

101000008	**101000060**	**101000113**	**101000200**	**101000251**
101000452	**101000456**	**101000567**	**TOTAL: 08**	

(2) સા.શૈ.પ.વર્ગ (કોમન+મહિલા):

101000020	**101000036**	**101000037**	**101000038**	**101000044**
101000054	**101000070**	**101000085**	**101000096**	**101000115**
101000126	**101000131**	**101000134**	**101000136**	**101000152**
101000156	**101000170**	**101000177**	**101000180**	**101000188**
101000192	**101000222**	**101000243**	**101000248**	**101000255**
101000273	**101000280**	**101000306**	**101000315**	**101000332**
101000345	**101000348**	**101000366**	**101000375**	**101000387**
101000395	**101000410**	**101000422**	**101000429**	**101000453**
101000487	**101000513**	**101000518**	**101000523**	**101000535**
101000551	**101000571**	**101000586**	**101000594**	**TOTAL: 49**

TOTAL: 08 + 49 = 57

3. અરજી ચકાસણીની પાત્રતા બાદ રૂબરૂ મુલાકાતને પાત્ર થતા ઉમેદવારોની યાદી હવે પછી પ્રસિધ્ધ કરવામાં આવશે.

4. અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને "ઓન-લાઇન" કન્ફર્મ થયેલ અરજી પત્રક સાથે ફી ભર્યાના ચલણની નકલ (જે ઉમેદવારોએ ફી ભરવાની જરૂરી હોય) અને <u>લાગુ પડતા જરૂરી દસ્તાવેજો / પ્રમાણપત્રોની નકલ</u> નીચેના ક્રમાનુસાર

(૧) જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)

(૨) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ / પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(૩) અનામત વર્ગના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

(૪) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ તથા છેલ્લા ત્રણ વર્ષ (જેમાં જાહેરાતના વર્ષનો સમાવેશ થયેલ હોવો જોઇએ) દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમુના "પરિશિષ્ટ- ક" (ગુજરાતીમાં) મુજબના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્રની નકલ (અંગ્રેજીમાં આપવામાં આવતું Annexure-A પ્રમાણપત્ર માન્ય નથી.)

(૫) વિધવા મહિલા ઉમેદવાર ના કિસ્સામાં પુન: લગ્ન કર્યા નથી તેવી એફિડેવીટ

(૬) શારિરીક રીતે અશક્ત ઉમેદવાર માટે સા.વ.વિભાગના તા.૦૧.૧૨.૨૦૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબના અશક્તા પ્રમાણપત્રની નકલ

(૭) શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાશાખાના સ્નાતક / અનુસ્નાતકની પદવી પ્રમાણપત્રની નકલ અને સ્નાતક/ અનુસ્નાતકની પદવીના અંતિમ વર્ષના બે સેમેસ્ટરના ગુણપત્રકની નકલ

(૮) વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(૯) શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાશાખાના સ્નાતક / અનુસ્નાતકની પદવીની સમકક્ષ લાયકાત ધરાવે છે તેવો હક્ક દાવો હોયતો ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૦) ગુજરાત સરકારની સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓએ રૂબરૂ મુલાકાત સમયે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સા.વ.વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમુનામાં "ના વાંધા પ્રમાણપત્ર" (અસલમાં) અચૂક રજુ કરવાનું રહેશે.

(૧૧) સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ [જેમાં સંસ્થાના લેટરપેડ ઉપર (ક) ધારણ કરેલ જગ્યા / હોદ્દો (ખ) અનુભવનો ક્રમાનુસાર સમયગાળો (ગ) અનુભવનો પ્રકાર અને (ઘ) મેળવવામાં આવતા પગાર અને ભથ્થાઓની વિગત દર્શાવેલ હોય] અને

(૧૨) અન્ય લાગુ પડતા હોય તેવા આધાર / પુરાવા અચુક જોડીને <u>તા.24.03.2017</u> સુધીમાં આયોગ ની કચેરીમાં સંયુક્ત સચિવશ્રી (આર-1) ને મળે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

Sd/-

સ્થળ: ગાંધીનગર-382010 (ટી. એચ. સોની)

તારીખ: 14.03.2017 સંયુક્ત સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ

નકલ રવાના:-

(1) નોટીસ બોર્ડ.
(2) નાયબ સેકશન અધિકારીશ્રી, (માહિતી)
(3) અધ્યક્ષશ્રીના રહસ્ય સચિવ (2 નકલ)
(4) સભ્યશ્રી (ડૉ) પતાણી અને સભ્યશ્રી દેસાઇ
(5) સભ્યશ્રી શિયાણી અને સભ્યશ્રી (ડૉ) કિકાણી
(6) સભ્યશ્રી સોસા
(7) સચિવશ્રીના અંગત સચિવશ્રી.
(8) સં.સ.શ્રી/ના.સ.શ્રી/સે.અ.શ્રી, R-1 શાખા
(9) સેકશન અધિકારીશ્રી, ઈ.ડી.પી. સેલ.
(10) સેકશન અધિકારીશ્રી, આર & ડી શાખા,
(11) સેકશન અધિકારીશ્રી, નોંધણી શાખા.
(12) કચેરી હુકમ ફાઇલ
(13) સીલેક્ટ ફાઇલ